શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુક

વર્ષ : ૨૩
અંક : ૧૨

| પરાવલંબન | સ્વાવલંબન | પરસ્પરાવલંબન |
|---|---|---|
| તમારા કારણે...<br>ની ભાવનાત્મકતા. | મારી પસંદગી...<br>ની ભાવનાત્મકતા. | આપણે સાથે કરીએ...<br>ની ભાવનાત્મકતા. |
| પ્રતિક્રિયાત્મકતા | પ્રતિભાવાત્મકતા | સહસર્જનની ઉત્કંઠા |
| ફરિયાદો, આક્ષેપો | ઉતરદાયિત્વનો સ્વીકાર | સંઘકાર્ય માટેનુ ચારિત્ર્ય |
| અનુકુળ જોડાણો | સૈધ્ધાંતિક જીવન | સહજીવન, કોમ્યુનીટી સર્જન |
| ન હિંમત,<br>ન સંવેદનશીલતા | વધુ હિંમત,<br>થોડી સંવેદનશીલતા | ખુબહિંમત,<br>ખુબ સવેદનશીલતા |
| ન વિશ્વાસ, ન સહકાર | થોડો વિશ્વાસ, થોડો સહકાર | ઉંચો વિશ્વાસ, ઉંચો સહકાર |
| બળવાખોર વૃતિ | સ્વનિર્ભરતા | સંપ, સહકાર અને સંયોજન |
| મુડી માણસો | સામર્થ્યવાન મનુષ્યો | ઉમદા માનવો |
| દેવાદાર માણસો | ઉત્પાદક માનસ | સર્જનશીલ માણસ |
| સ્વકેન્દ્રી માણસો | જવાબદાર માણસ | સર્વોદયી માનસ |

**પાણી વિના ત્રણ દિવસ, હવા વિના આઠ મિનિટ રહી શકે છે.**

## દંત સ્વચ્છતા કાર્યક્રમ

ડો.નેમી પટેલ અને અમેરીકન ઈન્ડિયા ફાઉન્ડેશનના સહયોગથી દંત સ્વચ્છતા કાર્યક્રમ સંસ્થાના કાર્યવિસ્તારમાં સપ્ટે ૨૦૨૦ થી ડીસેમ્બર ૨૦૨૧ દરમ્યાન યોજાયો. ડો. દેવલ પટેલ એ સંસ્થાના કાર્યક્ષેત્રના લોકો સાથે જાગૃતિ કાર્યક્રમો અને દાંત અને મોં ની તપાસ તથા સારવાર માટે ફ્રી ચેકઅપ કેમ્પ રાખવામાં આવ્યા હતા. કાર્યકરો કિશન સોલંકી, ભાવિકાબેન ત્રિવેદી, હીરલ રાજયગુરુ, રમેશભાઈ સોલંકી સહિત સંસ્થાના તમામ કાર્યકરોએ સેવા આપી હતી. આ કાર્યક્રમમાં લક્ષિત સમુહના લોકોએ પોતાની ભાગીદારી નોંધાવી.

## નેત્ર નિદાન કેમ્પ

ટીંબી અને ધોકડવા કલસ્ટરમાં અગાઉ ખેડૂતો અને ખેતમજુરો માટે નેત્ર નિદાન કેમ્પ તથા સમાન્ય સારવાર માટે વિનામુલ્યે કેમ્પના અયોજન કરવામાં આવતા હતા. આ મહિનામાં ધોકડવા પ્રોજેક્ટ ટીમ દ્વારા લોકોને આંખના દર્દો માટે ઘેરબેઠા સારવાર મળી રહે તે હેતુ થી ઉના સરકારી હોસ્પિટલ સાથે સંકલન કરી નેત્ર નિદાન કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ. નેત્ર નિદાન માટે ઉના સિવિલ હોસ્પિટલથી આંખ વિભાગમાંથી ડો. નીલેશ ગુજ્જર હાજરી આપી. ધોકડવા ટીમના પરેશ સોલંકી સહિત તમામ કાર્યકરોએ આ કેમ્પને સફળ બનાવ્યો હતો.



**આશા વિના એક સેકન્ડ પણ રહી શકતુ નથી.**

## ફીલ્ડ કાર્ય

આ માસ દરમયાન જુદી જુદી કોલેજમાં અભ્યાસ કરતા નીચે મુજબના વિદ્યાર્થીઓ સંસ્થામાં પોતાના ફીલ્ડ કાર્ય માટે આવી તેમના અભ્યાસક્રમ અનુસાર શીખવાની પ્રક્રિયાઓ હાથ ધરી હતી.

શ્રી ધૈર્ય કણસાગરા, શ્રી પ્રત્યુશ પ્રતિક પાંડા (ઈન્સ્ટીટયુટ ઓફ રૂરલ મેનેજમેન્ટ – આણંદ), શ્રી હાર્દિક પઢીયાર, શ્રી કુલદીપ ચૌહાણ, શ્રી કિશન દાફડા, શ્રી નીલેશ દાફડા (જે. સી. કુમારપ્પા મહાવિદ્યાલય – ગઢડા), શ્રી તાજગી સાગરકા, શ્રી લક્ષ્મી પરમાર, શ્રી દિશા ડોડીયા, શ્રી કોમલ ચાંડપ્પા, શ્રી તૃશિક રાઠોડ, શ્રી આયુષ ડોડીયા, શ્રી રોહિત ડોડીયા, શ્રી કિશન અજમેરીયા, શ્રી કૃપાલ નીમાંવત (શ્રી ઉકાભાઈ ડોડીયા બીઆરએસ કોલેજ– સીમર કીડીવાવ)

સંસ્થાના ચારેય કલસ્ટરો બાબરા, ખાંભા, ટીંબી તથા ઘોકડવામાં ચાલી રહેલી પ્રવૃતિઓમાં સામેલ ખેડુતો, ખેતમજુરો, બાળકો અને મહિલાઓને મળી તેમાં થતા પરિવર્તનો સમજવા આ તમામ વિદ્યાર્થીઓએ પ્રયત્ન કર્યા. ઈરમાના વિદ્યાર્થીઓએ ખેત ઉત્પાદક સંગઠનો તથા ખેડુતોએ કરેલા દેશી બિયારણના પ્રયોગો અને પ્રાકૃતિક ખેતી અપનાવતા થયેલા ખેડુતોની મુલાકાત લઈ તેમના અનુભવો જાણ્યા હતા. તમામ વિદ્યાર્થીઓ જે પોતે પોતાની કોલેજમાં અભ્યાસક્રમ સાથે જોડાયેલ હતા તેમાંથી મળેલી શીખને લોકોની વાસ્તવિક પ્રેકટીસ સાથે સરખાવી પોતાની સમજ વધારે મજબુત બનાવી.



**કારણ કે તેઓ પાછાં પડે છે.**

## વેસ્ટ મેનેજમેંટ ટ્રેનિંગ

માનનીય નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના શુભ હસ્તે દીપ પ્રાગટય બાદ સંસ્થાના ડાયરેકટર ધીરૂભાઈએ સૌને આવકારી આજની આ તાલીમના ઉદેશ અંગે જાણકારી આપી તાલીમ કાર્યક્રમનો આરંભ કર્યો હતો.

જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીનાં SBM(G) શાખાના જીલ્લા કોઓર્ડીનેટરશ્રી વાઢેર સાહેબ દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ચાલતી વિવિધ કામગીરી પર સમજણ આપી. ODF, ODF-s અને ODF+ વિશે તેમજ આગામી સમયમાં થનાર સ્વચ્છ સર્વેક્ષણ અંગેની માહિતી આપવામાં આવી.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી સકસેના સાહેબ દ્વારા ગ્રામ્ય કક્ષાએ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટે કરવાની થતી કામગીરીમાં લોકોમાં કેવી રીતે જાગૃતિ લાવી શકાય તે અંગે વિવિધ ટીપ્સ આપવામાં આવી અને વેસ્ટ મેનેજમેંટને એક જન આંદોલન ગણીને તમામ સ્તરે જાગૃતિ ફેલાય તે માટે સંસ્થાનાં કાર્યકરોને અપીલ કરી હતી.

સંસ્થા સાથે સંકળાયેલ અને જીવશાસ્ત્રી શ્રી બિપીનભાઈ જોશીએ ઘન કચરા વ્યવસ્થાપન અંગે પાયાની સમજણ અને આપણે આ ઝુંબેશમાં કંઈ રીતે યોગદાન આપી શકીએ તેની ખુબ જ



**પાછાં પડવા છતા તેઓ**

જીણવટ ભરી સમજણ પુરી પાડી. કુદરતી કચરો અને માનવસર્જિત કચરાના વ્યવસ્થાપન અંગે સમજ આપતા જણાવ્યુ કે કોઈ પણ ધાતુ જમીનને નુકશાન નથી કરતી. પ્લાસ્ટિક જયારે ઓગળે છે ત્યારે તેમાથી સલ્ફાઈડ ગેસ ઉત્પન્ન થાય છે જે કેન્સર પેદા કરે છે. આ ઉપરાંત તેમણે જણાવ્યુ કે વધારે પડતું આલ્કલાઈન એ માનવશરીર માટે નુકશાનકારક છે. આ માટે તેમણે જણાવ્યુ કે પાણીને રાખવા માટે જ્ઞ .જ હોવા જરૂરી છે ઉપરાંત પાણી ચોખ્ખું રાખવા તુલસીના પાન અને સુંઠ નાખવાથી પાણી શુધ્ધ બને છે.

શ્રી રમેશભાઈ સોલંકીએ ગ્રામ્ય કક્ષાએ ઘન કચરા વ્યવસ્થાપન અંગે વાલોદ મોડેલની ફિલ્મ બતાવી ઉપરાંત વિવિધ કલીપો અને સ્લાઈડો થકી કચરાની માત્રા અને તેની અસરો, સરકારશ્રીની જુદી જુદી યોજના, ઘન કચરાનાં પ્રકાર, લેન્ડફીલ સાઈડ બાબતે સમજણ આપી. ગ્રામ્ય કક્ષાએ ઘન કચરા વ્યવસ્થાપન અંગે અનુસરવાનાં પગલાઓ જેમ કે સંકલન–જાગૃતિ, આયોજન, આવક–ખર્ચની વિગતો, વ્યવસ્થાપન, અમલીકરણ, મોનીટરીંગ અને સુધારાઓ તેમજ જવાબદારીઓ સમજાવી.

તાલીમના આખરી તબક્કામાં કાર્યકરોએ પોતપોતાના કાર્યવિસ્તારમાં આ અંગે કરવાની કામગીરીનુ આયોજન કર્યુ હતુ.



**ફરી ઉઠવામાં નિષ્ફળ જતાં નથી.**

## ફાર્મર્સ વર્કશોપ

આ માસના બીજા પખવાડીયામાં તમામ ચારેય કલસ્ટરમાં બાયોડાયવર્સિટી, વોટર સ્ટીવર્ડશીપ સહિતના કુદરતી સંસાધનોની જાળવણીના મુદાઓ ઉપર ફાર્મર્સ વર્કશોપ યોજવામાં આવ્યા હતા. ખાંભા કલસ્ટરની કાર્યશાળા વાંકુની ધાર, ધોકડવા કલસ્ટરની કાર્યશાળા ગીરગઢડા રોડ પરના માતાજીના મંદિરના પટાંગણમાં, ટીંબી કલસ્ટરની કાર્યશાળા જય સાંખટની વાડીએ તેમજ બાબરા કલસ્ટરની કાર્યશાળા સરસ્વતી વિદ્યામંદિર ચિતલ ખાતે યોજવામાં આવી હતી.

ઉતમની કપાસની પહેલના સિધ્ધાંતો અને તેના પાલન પર પ્રોડયુસર યુનિટ ટીમના સભ્યોએ પોતાના આ વર્ષના ખેડુતો સાથેના કામના અનુભવો તથા માહિતીનું આદાન પ્રદાન કર્યુ હતુ. મળી આવેલા ગેપના આધારે બનેલા પ્લાનની અમલવારી સંબંધે લેવાયેલ પગલાઓની વિગતો રજુ કરી હતી. ભાષણ, પ્રશ્નોતરી, પ્લે તથા ડ્રામા જેવી પધ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ઉપરોકત કાર્યક્રમોમાં વિવિધ વિષય નિષ્ણાંતો શ્રી હેપીલ છોડવડીયા (ફાર્મ મેનેજર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કોડીનાર), નરેન્દ્ર પોંકીયા (મેનેજર, ઈફ્કેશ ગુજરાત), વાંકુની ધાર મંદિરના મહંતશ્રી, સંસ્થાના ડાયરેકટર ધીરૂભાઈ વાગડીયા, એફપીઓ ફોર્મેશનનુ કામ સંભાળી રહેલા ભરતભાઈ શીંગડ, ખેત ઉત્પાદક સંગઠનના ડાયરેકટરશ્રીઓ તથા પ્રોડયુસર યુનિટ મેનેજર પરેશ સોલંકી, અવંતિકા તંતી, પ્રવિણ જાલંધરા અને કૌશિક પંડયાએ આ તમામ કાર્યશાળાઓ યોજવાની વ્યવસ્થા કરી હતી.



## ખેડુતોની તાલીમ

૬ થી ૮ ડીસેમ્બર ૨૦૨૧ રોજ શેડુભાર ગામના ૨૨ ખેડુતોને તેમજ ૨૧ થી ૨૩ ડીસેમ્બર ૨૦૨૧ રોજ મોણપુર ગામનો ૩૩ અને ભીલડી ગામના ૨૩ ખેડુતોને અમરેલી ખાતે આવેલા ખેડુત તાલીમ કેન્દ્રમાં તાલીમ લેવા માટે આમંત્રિત કર્યા હતા. સંસ્થા દ્વારા ચાલતા ઉતમ કપાસની પહેલ કાર્યક્રમમાં અમરેલી–બાબરા કલસ્ટરમાં ૪૫૦૦ ખેડુતો જોડાયેલ છે તે પૈકીના આ ખેડુતોને પસંદ કરવામાં આવ્યા હતા. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કૃષિ યુનિવર્સિટી, આત્મા, બીસીઆઈ ટીમ અને ખેતીવાડી ખાતાના તજજ્ઞો પાસેથી માર્ગદર્શન મેળવ્યુ હતુ. ટકાઉ ખેતી સંદર્ભે બીસીઆઈના સીદ્ધાંતોને અનુલક્ષીને યોજાયેલ આ તાલીમમાં જમીન માપણી, પોષણ તત્વોનુ મહત્વ, ગુલાબી ઈયળનુ નિયંત્રણ, સંકલીત રોગજીવાત વ્યવસ્થાપન, રાસાયણીક–જૈવિક ખાતરોનુ મહત્વ/ ઉપયોગ, ખેતીપાકોનુ મુલ્ય વર્ધન, સજીવ ખેતી વિષયો આવરી લેવાયા હતા.

તાલીમમાં ભાગ લેનાર ખેડુતોનો કોકટેલ સ્પ્રે, રેન્ડમ સ્પ્રે, કેલેન્ડર સ્પ્રે, મિનિમમ, પ્રતિબંધિત દવાઓ, વધુ જોખમી દવાઓ, કેન્સરકારક દવાઓ, મજુરોને લઘુતમ વેતન તેમજ બાળ મજુર વિશે કરવાની કામગીરી બાબતે કુશળતા પ્રાપ્ત થાય અને તેને પ્રયોગમાં લાવે તે અંગે માહીતી આપવામાં આવી.



**આશા ન છોડો.**

### જન્મ દિવસની શુભકામનાઓ

| | |
|---|---|
| Suresh Solanki | 01/01/1999 |
| Jenti Sarvaiya | 01/01/1992 |
| Induben Shelar | 01/01/1975 |
| Pankaj Makvana | 06/01/1983 |
| Mansing Bambhaniya | 09/01/1994 |
| Jignesh Gujjar | 19/01/1988 |
| Gordhan Vaghela | 20/01/1983 |

### આ મહિનાની ઝલક

૧૮ ક્વાર્ટલી મીટીંગ.
૧૮ વેસ્ટ મેનેજમેંટ ટ્રેનિંગ
૨૩ કાર્યશાળા ખાંભા અને ધોકડવા કલસ્ટર.
૨૪ આગેવાન ખેડુતોની કાર્યશાળા ટીંબી.
૨૫ આગેવાન ખેડુતોની કાર્યશાળા, ચિતલ
૨૫ સમુદાયના જોડાણ અર્થે દાંત અને મોની સંભાળ માટે કાર્યશાળા.
૨૯ ઈસીઈ માટે આંગણવાડી કેન્દ્રના સ્ટાફની તાલીમ.

**પ્રિય વાચક મિત્રો,**

આપની આસપાસ બનતી ઘટનાઓ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ ઓનલાઈન વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Regi. No. AMR/91/2021-23
Valid Upto 31/12/2023

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**કોઈ પણ વ્યકિત અન્ન વિના ચાર દિવસ,**